| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખઃ | ૦૫ | ૦૮ | ૨૦૨૬ |
| નોંધ્યા તારીખઃ | ૦૫ | ૦૮ | ૨૦૨૬ |
| ફેંસલ તારીખઃ | ૧૦ | ૦૮ | ૨૦૨૬ |
| અવધિઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૦૫ |
| આંકઃ | ૦૫ | | |

## મે. સુરતના સતરમાં અધિક સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટ સમક્ષ, સુરત.

**<u>ફોજદારી પરચુરણ અરજી નં.૫૭૧૮/૨૦૨૬.</u>**

**અરજદારઃ** **અલ્પેશ ઉર્ફે દિકો દશરથભાઈ પટેલ ,**
ઉં.આ. ૨૮ વર્ષ, ધંધો–ડ્રાઈવિંગ ,
રહેવાસી–બ્રામણ ફળિયું, રોહિણ ગામ,
તા–પારડી, જી–વલસાડ.
હાલઃ– લાજપોર મધ્યસ્થ જેલ, સુરત.

**વિરુદ્ધ**

**સામાવાળાઃ** **શ્રી સરકાર.**

***<u>બાબતઃ</u>*** ***ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૮૩ મુજબ ચાર્જશીટ બાદની રેગ્યુલર જામીન મેળવવાની અરજી.***

અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી પી.આઈ.જોધપુરીયા.
સામાવાળા તરફે વિ.સ્પે.પબ્લિક પ્રોસીકયુટર (પ્રોહી.) વી.એન.મોદી .

## –// <u>ઠ રા વ</u> //–

(૧) હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે કામરેજ પોલીસ સ્ટેશન પાર્ટ – "સી" ગુના રજિ. નં. ૧૧૨૧૪૦–૨૦૨૬–૨૧૭૦/૨૦૨૬

ના કામે ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(ઈ), ૮૧,૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) મુજબના ગુનાના કામે રેગ્યુલર જામીન મેળવવા દાખલ કરેલ છે.

(૨) નોટિસ બજતાં સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી હાજર થયા છે. તપાસકર્તા અમલદારે આંક-૪ થી તેમનું સોગંદનામું રજૂ કરેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીની દલીલ છે કે, આ કામે અરજદાર/આરોપીને તારીખ ૦૭-૦૬-૨૦૨૬ ના રોજ અટક કરી, વિ. ટ્રાયલ કોર્ટમાં રજૂ કરતાં અરજદાર/આરોપી ને કામરેજ પો.સ્ટે.નાઓએ ધરપકડ કરેલ અને નામદાર ગુજરાત હાઈકોર્ટના આદેશ અનુસાર કોવિડ-૧૯નો ટેસ્ટ કરાવવાનો હોય કોવિડ-૧૯ નો ટેસ્ટ કરાવતા રીપોર્ટ નેગેટિવ આવતા અરજદાર/આરોપીને મહે.કઠોરના જ્યુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં રજુ કરેલા અને તપાસ કરનાર અમલદારે રિમાન્ડ માંગણી કરતા નામદાર કોર્ટએ દિન-૧નાં રીમાન્ડ મંજુર કરેલ ત્યારબાદ ત.ક.અ.એ વધુ રીમાન્ડની માંગણી ન કરતા નામદાર કોર્ટે અરજદાર/આરોપીને જ્યુડી.કસ્ટડીમાં મોકલવાનો આદેશ કરેલ ત્યારથી આજ દિન સુધી એટલે કે તા.૦૯-૦૬-૨૦૨૬થી જ્યુડી.કસ્ટડીમાં છે. અરજદાર/આરોપીએ એફ.આઈ.આર.ના તબક્કે ફોજદારી પરચુરણ અરજી નં.૪૪૨૯/૨૦૨૬ થી જામીન મુક્ત થવા માટે અરજી કરેલ, જે વિ.સેશન્સ કોર્ટે ગુણ-દોષ ઉપર નામંજૂર કરેલ હતી. જેથી ચાર્જશીટ બાદની હાલની આ પ્રથમ જામીન અરજી કરેલ છે. વધુમાં, અરજદાર તરફે વિ.વ.શ્રીએ એવી દલીલ કરેલી છે કે, આ કામે તપાસ કરનાર અમલદારે સદર ગુનાની તપાસ પૂર્ણ કરી, નામદાર કોર્ટમાં ફોજદારી કેસ નં.૨૬૮૬/૨૦૨૬ થી ચાર્જશીટ ફાઈલ કરેલ છે, જે ઈન્સાફી કાર્યવાહી માટે પેન્ડીંગ છે. જેથી હવે વધુ કોઈ તપાસ કરવાની બાકી રહેતી ન હોય, પુરાવા સાથે ચેડાં થવાની કોઈ સંભાવના નથી. જેથી અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવા જણાવેલ છે. વધુમાં એવી પણ દલીલ કરેલી છે કે, ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ

હકીકત ખોટી છે. ફરીયાદમાં જણાવ્યા મુજબનો કોઈપણ ગુનો અરજદાર/આરોપીએ કોઈ પણ સમયે કરેલ નથી. તેમજ આવો ગુનો કરવાની તેઓની કોઈ શકિત પણ નથી. અરજદાર/આરોપી સદર કહેવાતા ગુનામાં સંડોવાયેલા ન હોવા છતાં તેઓને ખોટી રીતે સદર ગુનામાં સંડોવી દીધેલ છે. અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. વધુમાં એવી દલીલ કરેલી છે કે, નામદાર સુપ્રિમ કોર્ટ ૨૦૧૨ ક્રિમીનલ લો જનરલ પેજ નં. ૧૪૪૪ માં ઠરાવેલ કે અરજદાર/આરોપીનો ગુનાહિત ઈતિહાસ એટલે કે ઈન્સીડન્ટ હોય તો પણ જામીન ઉપર મુકત કરવા જોઈએ, કારણ કે જામીન અરજીની વિચારણા કરતી વખતે અરજદાર/આરોપીનો રોલ જોવામાં આવે છે. જેનાથી નામદાર કોર્ટ સારી રીતે વાકેફદાર છે. તેમજ સદર ગુનામાં જોવામાં આવે તો અરજદાર/આરોપીનો કોઈપણ જાતનો રોલ નથી. વધુમાં એવી પણ દલીલ કરે છે કે, સદર કામની ચાર્જશીટ જો જોવામાં આવે તો તમામ પોલીસ સાહેદોએ અરજદાર/આરોપી વિરુદ્ધ કોઈ પ્રથમ દર્શનીય પુરાવો નથી. તેમજ સદરહું અરજદાર/આરોપી સામેની ઈન્સાફી કાર્યવાહીમાં નિર્દોષ છુટીએ એવી પુરેપુરી સંભાવના છે. અરજદાર/આરોપી વિરુદ્ધ આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાના આક્ષેપો નથી. અરજદાર/આરોપી ફરીયાદ/અરજીમાં જણાવેલ સરનામે કાયમી રહેતા આવેલા છે. ટ્રાયલ દરમ્યાન તેમની હાજરી મળી આવે તેમ છે. મેજિસ્ટ્રેટ કોર્ટ ટ્રાયેબલ ગુનો છે. ટ્રાયલ ચાલતા લાંબો સમય જાય તેમ છે. જો આરોપીને જામીન મુક્ત કરવામાં નહીં આવે તો પ્રિટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. અરજદાર/આરોપી ઉપર તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે. તેવા સંજોગોમાં તેમની સામે કોઈ પ્રથમ દર્શનીય કેસ બનતો ન હોય, રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા રજૂઆત કરેલ છે.

(૪) જેની વિરુદ્ધ વિ.એ.પી.પી.શ્રીએ હાલની અરજીનો વિરોધ કરતાં દલીલ કરેલ છે કે, ત.ક.અમલદારે આંક–૪ થી સોગંદનામુ રજૂ કરેલ છે, તેમાં તેઓએ જણાવેલ છે કે, તા.૦૭/૦૬/૨૦૨૬ના રોજ મોજે–શ્રી લક્ષ્મી

ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ કડોદરા હલધરૂ ગામ ખાતે રેઈડ દરમિયાન પકડાયેલ આરોપી (૧)અલ્પેશ ઉર્ફે દિકો દશરથભાઈ પટેલ(ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી લઈ આવનાર) તથા નહી પકડાયેલ આરોપીઓ (૨) સત્યનારાયણ ઉર્ફે મનીષ મારવાડી(ભારતીય બનાવટનો વિદેશી દારૂ મંગાવનાર) (૩) ભરત રાજકુમારનાઓ એકબીજાની મદદગારી કરી ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટની વિદેશી દારૂની પ્લાસ્ટીકની તથા કાચની નાની મોટી બોટલો તથા બિયરના ટીન મળી કુલ નંગ-૩૨૫૯ કિં.રૂા.૧૨,૦૭,૪૮૮/- તથા વાહન નંગ-૦૧ ની કિંમત રૂપિયા ૧૨,૦૦,૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૦૧ કિં.રૂા. ૫૦,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૧,૪૭૦/- મળી તમામ મુદ્દામાલની કુલ કિં.રૂા. ૨૪,૫૮,૯૫૮/- ની મત્તાનો મુદ્દામાલ પોતાના આર્થીક ફાયદા સારૂ મંગાવી નાસી જઈ, આક્ષેપિત ગુનો કરેલ છે. વધુમાં એવી દલીલ કરેલી છે કે, હાલના અરજદાર/આરોપી મુખ્ય આરોપી છે.અરજદાર/આરોપીએ સદર ગુનામાં સંપૂર્ણ ભૂમિકા ભજવેલ છે. અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે તેમજ રીઢો ગુનેગાર છે. તેથી જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નાસી-ભાગી જશે અને ટ્રાયલ દરમ્યાન હાજર નહીં રહે તેમજ પંચોને ધાક-ધમકી આપે-અપાવે તેવી પૂરેપૂરી શકયતા છે. અરજદાર/આરોપીના જામીન મંજૂર કરવામાં આવે તો ફરીથી આવા પ્રકારના ગુનાઓ કરે તેવી શક્યતા નકારી શકાય નહીં. ચાર્જશીટ થવા માત્રથી કેસના સંજોગો બદલાતા નથી. તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન મળવાપાત્ર ન હોવાનું જણાવી અને ગુનાની ગંભીરતાને તેમજ ત.ક. અમલદારનું સોગંદનામું ધ્યાને લઈ, હાલની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવા રજૂઆત કરેલી છે.

(૫) પક્ષકારોના વિ.વ.શ્રીઓની રજૂઆતો, રજૂ થયેલા દસ્તાવેજો તથા તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધું. જામીન મંજૂર કરવા કે નામંજૂર કરવા તે વિવેકાધીન સત્તા છે. કોર્ટ ઉપરોક્ત સત્તાનો ઉપયોગ, ન્યાયિક રીતે, સાવચેતી પૂર્વક અને ના. સર્વોચ્ચ અદાલત તથા ના. વડી અદાલતના અસંખ્ય

ચુકાદાઓમાં ઠરાવેલા સિદ્ધાંતોનું પાલન કરીને, કરવા બંધાયેલ છે. જામીન અરજી નક્કી કરતી વખતે કોર્ટે યોગ્ય રીતે પ્રતિપાદીત થયેલા કેટલાક ચાવીરૂપ સિદ્ધાંતો ધ્યાને રાખવા પડે. જેમકે, (૧) ગુનાનો પ્રકાર અને ગંભીરતા (૨) આરોપીનો ગુનાહીત ઈતિહાસ, જો હોય તો, સ્પષ્ટ રીતે કોગ્નીઝેબલ ગુનામાં અગાઉ કોઈ સજા થયેલ છે કે કેમ (૩) આરોપીની ટ્રાયલ સમયની હાજરીની શક્યતા અને (૪) અરજદાર/આરોપી વિરૂદ્ધના આક્ષેપો આરોપીની ધરપકડ કરાવી તેનું અપમાન કરવા તથા તેને હેરાન-પરેશાન કરવાના આશયથી કરેલા છે. વધુમાં, જામીન અરજીના તબક્કે, પુરાવાનું તથા હકીકતોનું એવું વિશ્લેષણ કે જે આરોપીના હિતોને નુકશાનકર્તા હોય તેવું ટાળવું જોઈએ.

(૬) અરજદાર/આરોપી વિરુદ્ધ ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ-૬૫(એ)(ઈ), ૮૧,૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) મુજબનો ગુનો નોંધાયેલો છે. હાલના અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ નથી. વધુમાં તપાસ કરનાર અધિકારીશ્રીનું સોગંદનામુ વંચાણે લેતાં અરજદાર/આરોપી ગુનાહિત ઈતિહાસ ધરાવે છે પરંતુ અરજદાર/આરોપીને કોઇ ગુનાના કામે સજા થયેલ હોય તેવી કોઇ હકીકત ફરિયાદપક્ષ દ્વારા રેકર્ડ પર લાવવામાં આવેલ નથી.

(7) **વધુમાં, એફિડેવીટ મુજબ અરજદાર/આરોપી વિરુદ્ધ પૂરવણી ચાર્જશીટ દાખલ થયેલ છે. એટલે કે, તપાસ પૂર્ણ થયેલ છે.** જેથી, સદર ગુનાના કામે અરજદાર/આરોપીની તપાસ માટે જરૂરિયાત હોય તેવું તપાસકર્તા અમલદારશ્રીના સોગંદનામા પરથી જણાતું નથી. વધુમાં અરજદાર/આરોપીની સદર ગુનાના કામે તા.૦૭-૦૬-૨૦૨૬ ના રોજ ધરપકડ કરવામાં આવેલ છે અને અરજદાર/આરોપી ત્યારથી જ્યુડીશીયલ કસ્ટડીમાં છે. વધુમાં અરજદાર/આરોપી ઉપર જે ગુનાનું તહોમત છે. કેસ ચાલી જવામાં સમય જાય તેમ છે. અરજદાર/આરોપીને જ્યુડીશીયલ કસ્ટડીમાં રાખવામાં આવે તો, તેનાથી કોઈ હેતુ સરે તેમ નથી. આ કામે આરોપી વિરુદ્ધ ઓર્ગેનાઈઝ ક્રાઈમ વિરોધનો ગુનો પણ

દાખલ થયેલ છે અને તેમાં સજાની જોગવાઈ આજીવન કેદ સુધીની છે. આ તમામ પાસા ધ્યાને લેવા જરૂરી છે.

(૮) વધુમાં, અરજદાર/આરોપી ડ્રાઈવીંગ કામ કરી પોતાનું તથા પોતાના પરીવારનું ભરણપોષણ કરતા આવેલા છે. તેઓના પરીવારમાં તેઓના કમાણીનું એકમાત્ર સાધન અરજદાર/આરોપી છે. જેથી જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામાં ન આવે તો તેઓના પરીવારને ભુખે મરવાનો વારો આવે તેમ છે. તેમજ તેઓનું જીવન કથળી જાય તેમ છે. તેમજ તપાસ કરનાર અમલદારે તપાસ પૂર્ણ કરી, ચાર્જશીટ કરેલ હોવાનું અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ સ્ટેટમેન્ટ કરેલ છે. જેથી પુરાવા સાથે ચેડાં થવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી. અરજદાર/આરોપી પક્ષનાઓ તરફે કરવામાં આવેલ રજૂઆત મુજબ, અરજદાર/આરોપી ટ્રાયલ દરમ્યાન નિયમિત હાજર રહેશે અને સખતમાં સખત શરતોનું પાલન કરશે. વધુમાં આરોપી સામેની ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ રેડી શોલવંશીના જામીન લેવા જોઈએ તેવું અત્રેની અદાલતનું માનવું છે. વધુમાં અરજદાર/આરોપીની ટ્રાયલ દરમ્યાનની હાજરીને યોગ્ય શરતો લાદી સુનિશ્ચિત કરી શકાય તેમ છે.

(૯) આમ, આ સંજોગોમાં રજૂ થયેલ ફરિયાદ હકીકત, પોલીસ પેપર્સ, બંને પક્ષના વિ.વ.શ્રીઓની રજૂઆત, ત.ક.અમલદારનું સોગંદનામું, ગુનાની ગંભીરતા તેમજ ઉપરોકત જણાવેલ કારણો ધ્યાનમાં લેતાં અરજદાર/આરોપીની તરફેણમાં મારી વિવેક બુદ્ધિનો ઉપયોગ શરતોને આધીન કરવો ન્યાયોચિત જણાય છે. જેથી અરજદાર/આરોપીની અરજી અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છેઃ-

**-// હુકમ //-**

- હાલની **ચાર્જશીટ બાદની** આ જામીન અરજી **મંજૂર** કરવામાં આવે છે.
- કામરેજ પોલીસ સ્ટેશન પાર્ટ - "સી" ગુના રજિ. નં. ૧૧૨૧૪૦-૨૦૨૬-૨૧૭૦/૨૦૨૬ ના કામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ-૬૫(એ)(ઈ), ૮૧,૮૩, ૯૮(૨), ૧૧૬(બી) તથા ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ

૧૧૧(૨)(બી), ૧૧૧(૩), ૧૧૧(૪) મુજબના ગુનાના કામે ચાલતા ફોજદારી કેસ નં.૨૬૮૬/૨૦૨૬ ના કામે આ કામના અરજદાર/આરોપી–**અલ્પેશ ઉર્ફે દિકો દશરથભાઈ પટેલ ,** ઉં.આ. ૨૮ વર્ષ, ધંધો–ડ્રાઈવિંગ , રહેવાસી–બ્રામણ ફળિયું, રોહિણ ગામ, તા–પારડી, જી–વલસાડનાઓને **રૂા. ૧,૫૦,૦૦૦/–** (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પુરા) ના જાતજામીન તથા તેટલી જ રકમના સદ્ધર (રેડી શોલીવંશી) અને સ્થાનિક જામીન ટ્રાયલ કોર્ટને સંતોષ થાય તેવા રજૂ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન મુક્ત કરવા હુકમ કરવામાં આવે છે.

**અરજદાર/આરોપીએ–**

(i) આવા અથવા તો અન્ય કોઈ પણ પ્રકારના ગુનામાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંડોવાવવું નહીં;

(ii) ચાર્જ ફ્રેમ થયા બાદ ટ્રાયલ કોર્ટ સમક્ષ નિયમિત દર મુદતે હાજર રહેવું અને અરજદાર/આરોપીના કારણે કેસ લંબાય નહીં તે ધ્યાને રાખવું;

(iii) જાતજામીન રજૂ કરતી વખતે આધાર નંબર, મોબાઈલ નંબર, પાસપોર્ટ (જો હોય તો) નંબર, ઈ–મેલ એડ્રેસ અને હાલનું તથા કાયમી રહેઠાણનું સરનામું ત.ક. અમલદાર તથા કોર્ટ સમક્ષ જાહેર કરવા અને તે ટ્રાયલ કોર્ટની પરવાનગી વગર બદલવા નહીં તેમજ પોતાના બેંક ખાતાની પાસબુકની નકલ સંબંધિત કોર્ટમાં રજૂ કરવી;

(iv) જામીનદારે પોતાનો મોબાઈલ નંબર પૂરો પાડવો અને તેમાં જયારે પણ ફેરફાર થાય તો તેની જાણ સંબંધિત ટ્રાયલ અદાલતમાં તથા તપાસ કરનાર અધિકારીશ્રીને લેખિતમાં કરવાની રહેશે.

(v) ગુજરાત રાજ્યની હદ છોડવી નહીં અને જો પાસપોર્ટ ધરાવતા હોય તો ટ્રાયલ કોર્ટમાં દિન–૭માં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે સોગંદનામું સંબંધિત કોર્ટમાં રજૂ કરવું;;

(vi) ફરિયાદપક્ષના કેસને નુકશાન થાય તેવું કોઈ કૃત્ય સીધી કે આડકતરી રીતે કરવું નહીં તેમજ ફરિયાદપક્ષના સાક્ષીઓને ધાક–ધમકી આપવી નહીં કે પુરાવા સાથે ચેડાં કરવાની કોશિશ કરવી નહીં;

(vii) જામીન ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવા.

– જામીનની શરતોમાં વધારો, ઘટાડો કે ફેરફાર ટ્રાયલ કોર્ટ કરી શકશે.

– જામીનની શરતોનો ભંગ થયેથી ટ્રાયલ કોર્ટ અરજદાર/આરોપી વિરુદ્ધ કાયદા મુજબ નિયત કાર્યવાહી કરી શકશે.

– આ હુકમ અંગે સંબંધકર્તાને જાણ કરવી.

હુકમ આજરોજ તારીખઃ **૧૦મી** માહે **ઓગષ્ટ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સુરત
તા.૧૦/૦૮/૨૦૨૬.
DGC

**(આર.ડી.મહેતા)**
**૧૭ માં અધિક સત્ર ન્યાયાધીશ,**
**સુરત**
**(કોડ નં.જીજે૦૦૯૬૧)**